॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૧૧ જૂન-જુલાઈ ૧૯૯૦ અંક ૧

## વાલીઓને,

દરરોજ કંપાઉન્ડમાં રિસેસ પૂરી થયા પછી નાસ્તાના ડબ્બા ભૂલીને વર્ગમાં કોઈક ને કોઈક વિદ્યાર્થી તો ગયા જ હોય છે, તે જોવા મળે છે. એવું જ શિયાળામાં સ્વેટરનું, ચોમાસામાં રેઈન કોટનું, શાળા છૂટયા પછી જોવા મળે છે, પરીક્ષા પૂરી થયા પછી કંપાસ અને પાઠ્યપુસ્તકો અને ગાઈડોનાં ઢગલાં, પોતાની વસ્તુની સાચવણી તરફનું દુર્લક્ષ્ય આ બધામાં વ્યક્ત થાય છે. પ્રવાસમાં તો પળેપળ આ બેદરકારીનું દર્શન થાય છે. શોપીંગ વખતે પાકીટ ભૂલી જવું, એક સ્થળેથી બીજા સ્થળે જતાં બૂટ, ચોરસા, ટુવાલ એમ ઘણી લાંબી યાદી થાય એવું છે.

કયારે ક ભૂલી જવાય તેને સ્વાભાવિક ગણીએ પણ ભૂલાઇ ગયેલી વસ્તુ વિષે શોધવાનો પ્રયત્ન સરખો પણ ન કરવો એ કેવું ? કેટલાંક એ પ્રયત્ન જરૂર કરે છે પણ મોટો વર્ગ એવો જોવા મળ્યો છે કે જેને આવી પડી જ નથી. બીજે દિવસે નવો ડબ્બો, નહી તો બીજી વાટરબેગ, આજે સહેલાઇથી મળે છે. તેનું આ પરિણામ છે ?

કેટલાંક બાળકોનાં કિસ્સામાં એવું પણ જોવા મળ્યું છે કે ઘેરથી આવી તપાસ માટે આવે તો તે પણ તેમને ગમતું નથી. આ એક ખોટી શરમ છે. શરમ તો વસ્તુ ખોવામાં આવવી જોઇએ, વસ્તુ ખોયા પછી શોધવામાં શા માટે આવે ? વસ્તુ જાહેરમાં મૂકીએ ત્યારે પણ કયાં તો પોતાની વસ્તુ ઓળખતાં નથી, અથવા ઓળખે તો પોતાની કહેતાં શરમ આવે છે.

ચોખ્ખાં વ્યવહારની ભૂમિકા માટે આવી શરમમાંથી બાળકને મુક્ત કરવું આવશ્યક છે. અમે તો બને તેટલો તેનો પ્રયત્ન કરીએ છીએ. જે ઘરોમાં આ સાવચેતી રખાતી હોય તેમને અભિનંદન, અને ન થતું હોય ત્યાં તે થાય તેવી અપેક્ષા.

હિનુભાઈના વંદન

## ટ્રેકિંગનો અવિસ્મરણીય લ્હાવો

ટ્રેકિંગની પ્રવૃત્તિ એ સાહસિક પ્રવૃત્તિ છે. વિદ્યાર્થીએ જીવનમાં આ પ્રવૃત્તિનો લ્હાવો ખાસ લેવા જેવો છે, આ ટ્રેકિંગથી માણસમાં સાહસિકતા, નિર્ભયતા, આત્મનિર્ભરતા, સહકાર, વિ. ગુણો ખીલી શકે છે. ટ્રેકિંગની પ્રવૃત્તિ ફક્ત હરવા ફરવા કે મોજ માણવાની પ્રવૃત્તિ નથી પણ જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરી નિશ્ચિત ધ્યેય સુધી કેમ પહોંચવું તેના ઘડતર માટેની આ પ્રવૃત્તિ છે. જીવનમાં સંગ્રામ સામે ઝઝૂમવાની કળા આવી પ્રવૃત્તિ શીખવે છે.

જૂન મહિનાનાં શરૂઆતનાં દિવસોમાં "C E.C." નામની સંસ્થાએ હિમાલયની પર્વતમાળામાં ગંગોત્રી પાસે 'દોડીતાલ' મુકામે ટ્રેકિંગના કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ આઠ દિવસનો હતો જેમાં અમને ભાગ લેવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું.

આ દિવસો દરમ્યાન અમે કુદરતને ખોળે, તેનાં નૈસર્ગિક સૌંદર્યને માણતા માણતા ઘણાં બધા ડુંગરા ચઢયા અને ઊતર્યા. પર્વતોની હારમાળામાંથી કલકલ નાદે વહેતાં ઝરણાં, ત્યાંના પશુપંખીઓ, ત્યાંના લીલાછમ અને હરિયાળા વૃક્ષો અને વનસ્પતિ, તો કયારેક ગાઢાં જંગલો, અને એ પર્વતની હારમાળામાં સુંદર દશ્યો રચતાં સૂર્યોદય અને સૂર્યાસ્ત આ બધાંને નીરખવાની મઝા માણતાં માણતાં અમે હિમાલયનાં પર્વતો આઠ દિવસ સુધી ખૂંદતાં ખૂદતાં ૯૮ કિલોમીટરનું અંતર કાપ્યું, એનો આનંદ અવર્ણનીય હતો. આપણા લાડીલા જવાહરલાલજીએ કાશ્મીરને 'પૃથ્વી ઉપરનું સ્વર્ગ' કેમ કહ્યું છે તેની અમને અહીં પ્રતીતિ થઇ. હિમ આચ્છાદિત પર્વતમાળાને નિરખવી અને તેની વચ્ચે તંબૂમાં નિવાસ કરવો એ જાણે જીવનની ધન્યતા અનુભવવા બરાબર હતું. જીવનની પ્રાથમિક અને ભૌતિક જરૂરિયાતો પ્રાપ્ત કરવાની અનેક મુશ્કેલીઓને પણ આ નૈસર્ગિક સૌંદર્યને માણતાં માણતાં તો કયાંય વિસરાઈ જવાય તેવું હતું. ખરેખર નસીબદારને જ આવી તક મળે એવું અમને લાગ્યું. જીવનમાં આવો અનુભવ જો મળે તો સાચે જ જીવન ધન્ય બની જાય.

પરિન શાહ (૧૦ ब) પ્રેરક શાહ (૮ क)

# ગ્રીષ્મ શિબિર

"મમ્મી, અમારે પચીસમીથી વેકેશન છે, આપણે ક્યાં જઈશું?" નાનકડા નિશિથના મનમાં આજે વેકેશનની નોટિસ આવવાથી અનહદ આનંદ થયો હતો. તેના કુમળા માનસમાં વેકેશનમાં ખૂબ ખૂબ આનંદ લૂંટી લેવાનો ઉમંગ હતો. આખું વર્ષ તો ભણવામાં ક્યાં ચાલ્યું જાય છે તે જ ખબર પડતી નથી અને એટલે સૌ વિદ્યાર્થીઓ વેકેશનની રાહ જ જોતાં હોય છે. એક તો ઉનાળુ વેકેશન એટલે વાર્ષિક પરીક્ષા પૂરી થઈ હોવાને કારણે ભણવાની રજા ને વળી લાંબી રજા હોવાથી માબાપ પણ મોટેભાગે કંઈક પ્રવાસનો આનંદ માણી એકધાર્યા જીવનમાંથી હળવાશ અનુભવવા ઝંખતા હોય છે. પણ આજની વધતી જતી વસ્તીને કારણે જ્યાં જુઓ ત્યાં ગિરદી અને ગિરદી, ટ્રેનોમાં પણ ગિરદી અને સહેલગાહનાં સ્થળોએ પણ એ જ પરિસ્થિતિ.... હોંશે હોંશે બહારગામ જવાનો કાર્યક્રમ નક્કી કર્યો હોય પણ પાછા આવ્યા બાદ ઘરમાં જે હાંશ અનુભવાય છે, તે ક્યાંય નથી મળતી, ને વળી મોંઘવારી અને ખોટા ખર્ચનો પ્રશ્ન તો જુદો.

એટલે જ હવે વેકેશનનાં આયોજન માટે દૃષ્ટિબિંદુ બદલવાનો સમય પાકી ગયો છે. બાળક આખું વર્ષ ભણી ભણીને થાકયું હોય ત્યારે તેની પ્રવૃત્તિમાં ફેરફાર કરીને તેને જરૂર હળવું બનાવી શકાય, માણસ ખરેખર શારીરિક કામથી થાકે છે, તેનાં કરતાં જીવનમાં એકધારાપણાથી વધુ કંટાળે છે, અને એટલે તેને માટે કંઈક એવી પ્રવૃત્તિનું આયોજન જો આપણે કરીએ કે તેમાંથી તેની રચનાત્મક શક્તિ ખીલે, તેને કંઈક કર્યાનો સંતોષ મળે, કંઈક નવું શીખ્યાનો આનંદ મળે તો તેનું વેકેશન તેણે માણ્યું તેવો તેને સંતોષ થાય છે; ઉપરાંત આવી પ્રવૃત્તિથી તેનામાં આત્મવિશ્વાસ પ્રગટે છે, તે આત્મસંતોષ પ્રાપ્ત કરી શકે છે.

આવા જ કાંઈક આશયથી આ વખતે પણ ઉનાળુ વેકેશનમાં ધો. ૫, ૬, ૭, નાં બાળકો માટે શાળામાં બે મહિના દરમ્યાન એક શિબિરનું આયોજન કરવામાં આવ્યું જેમાં બાળકોને હસ્તઉદ્યોગ, ફોટોગ્રાફી, પાકશાસ્ત્ર,ફેન્સીવર્ક, સિવણકામ, ચિત્રકામ. વિ. ઘણી પ્રવૃત્તિઓ આપવામાં આવી, બાળકનાં વ્યક્તિત્વનાં સર્વાંગી વિકાસ માટે યોજાયેલ આ શિબિર માટે બાળકો અને વાલીઓના ખૂબ સારા પ્રતિભાવો સાંપડયાં એ સંસ્થા માટે આનંદ અને ગૌરવની વાત છે.

ઊર્મિલા શાહ

# મારો યાદગાર પ્રવાસ

તા. ૨૬-૫-૯૦ થી ૯-૬-૯૦ સુધી અમેરિકામાં બર્લિંગટન ખાતે આંતરરાષ્ટ્રીય બાલ મહોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં સારાય ભારતમાંથી ફક્ત અમદાવાદની 'રંગબહાર' સંસ્થાએ ભાગ લીધો હતો અને એમાં સામેલ થવાનું મને સદ્ભાગ્ય સાંપડયુ. આ મહોત્સવને Interfolk '90' એવું નામ આપવામાં આવ્યું હતું. જેમાં અમેરિકા, રશિયા, આર્મેનિયા, ઇસ્ટોનિયા, વિ. દેશોના કુલ ૮૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો આ બાળમહોત્સવને સ્પર્ધાનાં સ્વરૂપને બદલે સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

અમે આ કાર્યક્રમનાં દિવસો ઉપરાંત આજુબાજુના દિવસોમાં બર્લિંગટન, મોન્ટપીલર વિ શહેરોની આસપાસની સ્કુલમાં ભારતીય લોકનૃત્ય વિષે સમજ આપી તેની રજૂઆત કરતાં. આ સાથે અમને ત્યાંના નૃત્ય અને સંગીતનો પણ પરિચય કરાવતાં આ ઉપરાંત અમને ત્યાં જુદા જુદા પરદેશી કુટુંબોમાં મહેમાન તરીકે રાખવામાં આવ્યાં હતાં જેને કારણે ત્યાંના કુટુંબજીવન, રહેણીકરણી, શિક્ષણ પદ્ધતિ વિ. વિષે મને ઘણું જાણવાનું અને શીખવાનું મળ્યું. મને બે કુટુંબોમાં રહેવાની તક મળી, બને જગ્યાએ મને પોતાની પુત્રીને આપે એટલો પ્રેમ અને હુંફ મળ્યાં, અને મને ત્યારેજ સમજાયું કે માણસ દુનિયાનાં ગમે તે ખૂણે જાય પણ તેને માટે તેનો પ્રેમ વ્યક્ત કરવા ભાષાની જરૂરિયાત ગૌણ બની જાય છે.

વિજ્ઞાનની પ્રગતિની સાથે આજે પશ્ચિમનાં દેશોમાં કેલ્કયુલેટર અને કોમ્પ્યુટર ત્યાંના બાળકો માટે હવાપાણી જેટલાં અગત્યનાં બની ગયાં છે- શાળામાં ભાષા, સાહિત્ય ગણિત વિજ્ઞાન જેવા વિષયો સાથે સાથે સ્વિમીંગ, રમત-ગમત, સંગીત જેવી ઇતરપ્રવૃત્તિઓ પણ શીખવવામાં આવે છે.

મારા આ સાંસ્કૃતિક પ્રવાસની સાથે સાથે મેં અમેરિકામાં પણ ઘણા જોવા લાયક સ્થળો જોયાં. મને આ તક મળી તેને કારણે મારા જ્ઞાનની ક્ષિતિજોને વિસ્તરવાનો ઘણો લાભ મળ્યો. મારા આ પ્રવાસથી મારામાં આત્મ-વિશ્વાસ અને આત્મસંતોષ પ્રગટયાં.

સ્વાતિ યુ. વ્યાસ (૯ અ)

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર :–

નવા વર્ષનું પ્રથમ સત્ર શરૂ થતાં બાલમંદિરમાં નવા બાળકોનું આગમન થયું છે, આ નવા આવેલાં બાળકો ખૂબ જ સહજ રીતે બાલમંદિરના વાતાવરણમાં દુધમાં સાકર ભળે તેમ ભળી ગયાં છે.

વર્ષાના આગમન સાથે બાળકોએ ગૌરીવ્રતની ઊજવણી કરી. માથે જવારા લઇ 'ગોરમાનો વર કેસરિયો' ગાઈ નાની બાળાઓ આનંદભેર ગરબે ઘૂમી.

તા. ૩૦–૬–૯૦ને શનિવારનાં રોજ તાલીમ-મંડળીના બાળકોએ લૉ ગાર્ડનનો પ્રવાસ કર્યો. બાગમાં બાળકો ક્રિડાંગણનાં સાધનો ઉપર ઉમંગભેર રમ્યાં. બાળકોનો આ નિર્દોષ કિલ્લોલ જોઇ તેમને ત્યાં લઇ ગયેલાં રિક્ષાવાળાઓ પણ બાળકો માટેની લાગણીથી એટલા ઉત્સાહિત થઈ ગયાં કે તેમને ભાવભરી રીતે આગ્રહપૂર્વક કેળાંનો નાસ્તો કરાવ્યો.

તાલીમ મંડળીના બાળકો સ્થાપના દિનની તૈયારીમાં ગૂંથાયાં છે ગરબા બાલરથ અને કૂચની તૈયારીઓ થઈ રહી છે. સૌ કોઈ સ્થાપના દિનના ઉત્સવની રાહ જોઇ રહ્યાં છે.

## શિશુમંદિર :–

**પ્રદર્શન** – 'ગ્રીષ્મશિબિર' તા. ૧ થી ૩૧મી મે સુધી યોજવામાં આવ્યો, જેમાં ધો. ૫, ૬, ૭નાં વિદ્યાર્થી ભાઇબહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો આ શિબિરમાં તેઓ હસ્તઉદ્યોગ, ફેન્સીવર્ક, સિવણકામ, ભરતકામ, પાકશાસ્ત્ર, ફોટોગ્રાફી વિ. ઘણું બધું શીખ્યાં, તે દરમ્યાન તેઓએ તૈયાર કરેલા નમૂનાઓનું પ્રદર્શન તા. ૨૨, ૨૩ અને ૨૫મી જૂનનાં રોજ યોજવામાં આવ્યું ઘણાં બધાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ તેને રસપૂર્વક જોઇને સુંદર પ્રતિભાવો આપ્યા.

તા. ૭–૭–૯૦નાં રોજ ધોરણ ૫ થી ૭નાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે 'ગૌરીવ્રત'ની ઊજવણી કરવામાં આવી, જેમાં બહેનોએ પૂજાનૃત્ય, ગરબા, રાસ, હીંચ, નૃત્ય વિ. ઉમંગભેર રજૂ કર્યા રંગબેરંગી વસ્ત્રોમા સજ્જ થયેલ આ બહેનો જાતે વાવેલા જવારા માથે લઈ ગરબે ઘૂમતી હતી, એ દૃશ્ય ખરેખર આનંદમય લાગતું હતું. ધોરણ ૧ થી ૪ની બહેનોએ આ પર્વની ઉજવણી તા. ૯-૭-૭૦નાં રોજ આવાજ ઉમંગથી કરી.

તા. ૧૩–૭–૯૦નાં રોજ ધોરણ ૧ થી ૪નાં મહામંત્રીની ચૂંટણી યોજાઇ જેમાં નીચેનાં વિદ્યાર્થી ભાઇબહેનો ચૂંટાયેલા જાહેર થયા છે, તે માટે તેમને અભિનંદન.

| | | | |
|---|---|---|---|
| મહામંત્રી -: | ભાઇઓ – | સર્જન શાહ | (૪ ब) |
| | બહેનો – | દેવાંગી શાહ | (૪ अ) |
| ઉપમંત્રી -: | ભાઇઓ – | ભાવિક ઠક્કર | (૪ ब) |
| | બહેનો – | પ્રિયાંગી મુનશી | (૪ क) |

તા. ૧૪–૭–૯૦નાં રોજ ધોરણ ૫ થી ૭નાં મહામંત્રીની ચૂંટણીમાં ચૂંટાવા બદલ નીચેના વિદ્યાર્થી ભાઇબહેનોને અભિનંદન.

| | | | |
|---|---|---|---|
| મહામંત્રી :– | ભાઇઓ – | સાત્વીક વ્યાસ | (૭ क) |
| | બહેનો – | કોશાની સુતરીયા | (૭ क) |
| ઉપમંત્રી :– | ભાઈઓ – | નિરલ પટેલ | (૭ ब) |
| | બહેનો – | આનન કોન્ટ્રાકટર | (૭ अ) |

**અભિનંદન** –

**ચિત્ર :-** એલિમેન્ટરી પરીક્ષાનું શાળાનું પરિણામ ૮૫% આવ્યું છે તથા ઈન્ટરમિડીયેટ પરીક્ષાનું શાળાનું પરિણામ ૧૦૦% આવ્યું છે. ઉત્તીર્ણ થનાર સૌ વિદ્યાર્થી ભાઈ-બહેનોને અભિનંદન.

ચિ. અભિજિત અજયભાઈ મુનશી તથા ચિ રાજીતા સંજયભાઈ મુનશી ૧૯૮૯ની શંકર્સ ઈન્ટરનેશનલ ચીલ્ડ્રન્સ આર્ટ કોમ્પીટીશનમાં રોપ્યચંદ્રક તથા સર્ટીફીકેટ મેળવે છે તે બદલ તેમને અભિનંદન.

**નૃત્ય :–** અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મંડળ નિયોજીત નૃત્યની પ્રારંભિક પરીક્ષા કુ. પાયલ વસાવડા, કુ. રૂચિ વ્યાસ કુ. વૈશાલી રાવલ, કુ. શતધા ત્રિવેદી તથા કુ. પૃથા ત્રિવેદીએ વિશેષ યોગ્યતા સાથે પાસ કરી છે તે માટે તેમને અભિનંદન

પ્રવેશિકા–પ્રથમ પરીક્ષા કુ. નિયતી મહેતા, કુ. હીરલ ઠાકર, કુ. ઋષિકા દલાલ, કુ. હેલી મહેતા, કુ કાજલ ગોહેલ કુ. સારિકા ગાંધી, કુ. પ્રિયલ શાહ અને કુ. જાનકી દેસાઇએ વિશેષ યોગ્યતા સાથે પ્રાપ્ત કર્યા બદલ તેમને અભિનંદન.

**તરણ સ્પર્ધા** – રાજપથ કલબ ખાતે યોજાયેલ તરણ સ્પર્ધામાં ફ્રીસ્ટાઇલ. બ્રેસ્ટ સ્ટ્રોક, અને બટર ફ્લાયમાં દ્વિતીય આવી રૌપ્યચંદ્રક મેળવવા બદલ ચિ. અનુજ રાજુભાઈ શાહ (૬ क) ને અભિનંદન, ચિ. અનુજે બેક સ્ટ્રોકમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી 'તામ્રચંદ્રક' પણ મેળવ્યો, તે માટે પણ અભિનંદન.

કુ. આમ્રપી પટેલ ગુજરાત રાજ્યમાં બ્રેસ્ટ સ્ટ્રોકમાં દ્વિતીય તથા અમદાવાદ જીલ્લામાં વિવિધ તરણ સ્પર્ધાઓમાં આઠ વિભાગોમાં તૃતીય સ્થાન મેળવે છે તે માટે તેમને અભિનંદન.

**સ્કેટીંગ :–** ચિ. અનુજ શાહ (૬ क) રોલર સ્કેટીંગ સ્પર્ધામા તૃતીય સ્થાન પ્રાપ્ત કરે છે તે માટે તેમને અભિનંદન.

ચિ. આન્વી નિરવભાઇ શાહે બેંગલોરમાં યોજાયેલી ઓલ ઇન્ડીયા રોલર સ્કેટીંગ સ્પર્ધામાં આર્ટીસ્ટીક સ્કેટીંગમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે તે માટે તેમને અભિનંદન. ચિ. બહેન આન્વીએ અમદાવાદમાં યોજાયેલ રોલર સ્કેટીંગ સ્પર્ધામાં પણ બીજા ત્રણ ઇનામો મેળવ્યા છે તે માટે તેમને અભિનંદન.

**આભાર :-** શિશુમંદિરના વાતાવરણથી પરિચિત થાય તેવા ઉદ્દેશથી દર વર્ષને અંતે બાલમંદિરમાંથી ધો. ૧માં આવતા વિદ્યાર્થીઓને શિશુમંદિરમાં બે દિવસ બોલાવવામાં આવે છે આ વિદ્યાર્થીઓને સંસ્થાની કાર્યવાહક સમિતિનાં સભ્ય અને શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી અનિલભાઇ મહેતા તરફથી પ્રેમપૂર્વક સરસ નાસ્તો આપવામાં આવ્યો તે બદલ સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

## વિનયમંદિર

**એચ. એસ. સી. અને એસ. એસ. સી. પરિણામો :-**

તા. ૧૨-૬-૯૦નાં રોજ એચ. એસ. સી. વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયું, જેમાં આપણી સંસ્થાનું પરિણામ ૯૨% આવ્યું છે. તા. ૨૫-૬-૯૦નાં રોજ જાહેર થયેલ સામાન્ય પ્રવાહનાં પરિણામમાં આપણી સંસ્થાનું પરિણામ ૮૯% આવ્યું છે. પાસ થનાર સૌ વિદ્યાર્થી ભાઈબહેનને અભિનંદન.

તા ૨૬-૬-૯૦ નાં રોજ જાહેર થયેલાં એસ.એસ.સી.નાં પરિણામમાં આપણી શાળાનુ પરિણામ ૯૯% આવ્યું છે, અને ચિ. નિરજ પ્રદિપભાઈ શોધન ૬૧૩/૭૦૦ ગુણ મેળવી સેન્ટરમાં આઠમો નંબર મેળવે છે, તે માટે તેમને અભિનંદન.

તા. ૨૭-૬-૯૦નાં રોજ 'World wide Life નાં ઉપક્રમે શ્રી પ્રણવભાઈ ત્રિવેદી અને શ્રી શ્રુતિબેન શુક્લે સંસ્થાનો પરિચય આપી તેમની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો, તે સાથે 'પ્રકૃત્તિ સંરક્ષણ' માટે વિદ્યાર્થીઓ શું ફાળો આપી શકે તેની પણ તેમણે સમજ આપી

તા. ૧૨-૭-૯૦નાં રોજ સુંદરવનનાં સહકારથી 'સ્નેક શો' યોજવામાં આવ્યો, જેમાં સાપ વિષેની આપણી કેટલીક ખોટી માન્યતાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.

તા. ૭-૭-૯૦ના રોજ વિનયમંદિરમાં ધો. ૮ અને ૯નાં મહામંત્રીની ચૂટણી યોજવામાં આવી જેનું પરિણામ નીચે મુજબ છે.

મહામંત્રી :- ભાઇઓ – રિકિન શાહ (૯અ)
બહેનો – સારિકા ગાંધી (૯અ)

ઉપમંત્રી :- ભાઈઓ – માલવ શાહ (૯ક)
બહેનો – કૃતિ વ્યાસ (૯ક)

ચૂંટાઈ આવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને અભિનંદન.

સંસ્થામાં ચાલતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને અનુલક્ષીને ૧૯૯૦-૯૧ માટે નીચે પ્રમાણે ગૃહનેતા અને ઉપનેતાઓની નિમણુંક કરવામાં આવી છે.

**બહેનો**

| ગૃહ | નેતા | ઉપનેતા |
|---|---|---|
| [૧] મેઘદૂત | દર્શિની પરીખ (૯બ) | અનુજા શાહ (૯બ) |
| [૨] પદ્મપુકુર | મિત્તલ ગાંધી (૯અ) | હીરલ દલાલ (૯અ) |
| [૩] ગીતગોવિંદ | કાનન બુચ (૯અ) | તન્વી શાહ (૯ક) |
| [૪] ચંદ્રમૌલી | અંકિતા ચોકસી (૯અ) | માનસી ત્રિવેદી (૯ક) |

**ભાઇઓ**

| ગૃહ | નેતા | ઉપનેતા |
|---|---|---|
| [૧] મેઘદૂત | અંકિત શાહ (૯બ) | નીરવ કાપડીયા (૯અ) |
| [૨] પદ્મપુકુર | ચંદ્રશેખર ત્રિવેદી (૯ક) | મિલાપ પટેલ (૯બ) |
| [૩] ગીતગોવિંદ | ભાવિક વ્યાસ (૯ક) | મૌલિક તેજાણી (૯ક) |
| [૪] ચંદ્રમૌલિ | આશિષ ઠક્કર (૯ક) | ચિન્મય પટેલ (૯બ) |

**અભિનંદન :-** કેમલ કલર કોમ્પીટીશનમાં કુ. અમીષા કડિયા (૧૦અ)ને અમદાવાદ શહેરમાં પ્રથમ આવવા બદલ અભિનંદન.

ચિ. અંકુર રાજુભાઈ શાહે (૮ક) રાજપથ કલબ અને સ્પોર્ટસ કલબમાં યોજાયેલ તરણ સ્પર્ધાઓમાં ફ્રીસ્ટાઇલ, બ્રેસ્ટ સ્ટ્રોક, બેક સ્ટ્રોક તથા બટર ફ્લાયમાં પ્રથમ આવી ગ્રુપ ચેમ્પિયનશીપ માટે પ્રથમ ઇનામો અને ચંદ્રકો પ્રાપ્ત કર્યા, છે તે માટે તેમને અભિનંદન.

ચિ. અંકુરે રાજપથ કલબમાં યોજાયેલ સ્કેટીંગ સ્પર્ધામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે તે માટે તેમને અભિનંદન.

હિમાલય એડવેન્ચર ટ્રેઇલ-૯૦' તરફથી જૂન તા. ૨ થી ૧૪ સુધી યોજાયેલ ટ્રેકીંગ કાર્યક્રમમાં હિમાલયમાં ગંગોત્રી પાસે દોડીતાલ મુકામે ટ્રેકીંગનો સાહસ ભર્યો અનુભવ લઇ આવેલ ચિ. પ્રેરક મયુરભાઈ શાહ (૮ક) અને ચિ. પરિન દિપકભાઈ શાહ (૧૦બ) ને અભિનંદન

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિનુભાઇ દ. દવે આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ-૩૮૦૦૦૭ ફોન : ૪૧૨૭૮૮